
# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૧૦ * જૂન, ૨૦૦૯



**સર્વજ્ઞ શક્તિ છે તે પર્યાયમાં આવી—પર્યાયમાં સ્ફુરાયમાન થઈ, તે જ્ઞાનની પર્યાય સર્વલોકને જાણે છે; લોકાલોકને જાણે છે તે વ્યવહાર છે, ખરેખર તો પોતાની પર્યાયને જ જાણે છે; લોકાલોકને તો કોઈ પર્યાય સ્પર્શતી જ નથી પણ દુનિયાને ખ્યાલમાં આવે કે સ્ફુરાયમાન શક્તિની શક્તિ કેટલી છે તે માપ બતાવવા લોકાલોકને જાણે છે તેમ બતાવ્યું છે. આહાહાહા....!**

**—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જિનેન્દ્રભગવાનના ગુણરૂપી રત્નોનો મહા ભંડાર પામીને પણ મિથ્યાત્વ કેમ ન જાય?—એ મહાન આશ્ચર્ય છે. અથવા, નિધાન પામવા છતાં પણ કૃપણ પુરુષ તો દરિદ્ર જ રહે છે—એમાં શું આશ્ચર્ય છે?. ૧૧૦૪.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૨૫)*

● બુદ્ધિમાનોંકો સદા સુખદાઈ સત્સંગતિ હી કરના યોગ્ય હૈ, ઉસીસે હી ગુણરહિત પુરુષ ભી મહાનપનેકો પ્રાપ્ત હો જાતા હૈ. ૧૧૦૫.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૭૦)*

● જીવ કર્મોદયથી નિરંતર પોતાના સર્વ પ્રદેશોમાં વ્યાકુલ જ રહે છે. જેમ અગ્નિના યોગથી પોતાના સંપૂર્ણ અવયવોમાં ઉકળતું થકું જળ સ્પર્શ કરવાથી ઉષ્ણ માલુમ પડે છે. ૧૧૦૬. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૪૭)*

● વિષય-કષાયથી વિરક્ત થઈને મિથ્યાદૃષ્ટિ જે ફળ પ્રાપ્ત કરે છે તેનાથી લાખગણું ફળ વિષય-સંયુક્ત સમ્યગ્દૃષ્ટિ સહજ જ પ્રાપ્ત કરે છે—એમ શ્રી જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. ૧૧૦૭. *(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૭૪)*

● જે ભવ્યજીવ અજ્ઞાનથી ભવસંસારમાં ફસાઈને અનેક પ્રકારનાં ઝંઝટોથી પ્રતિદિન દુઃખોનો શિકાર બનતો હતો તે આજે પોતાના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થવાથી આનંદસમુદ્રમાં વિહરી રહ્યો છે. ૧૧૦૮. *(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૮)*

● જેને મન, નિર્ધનતા એ જ ધન છે, મૃત્યુ એ જ જીવન છે અને જ્ઞાન એ જ નેત્ર છે, એવા સત્પુરુષોને વિધિ અર્થાત્ કર્મ શું કરી શકે તેમ છે? અર્થાત્ કર્મ તેવા ધીરપુરુષો માટે વ્યર્થ છે. ૧૧૦૯. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૨)*

● જૈસે વિષય-સેવનરૂપી વિષ વિષયલુબ્ધ જીવોંકો વિષ-દુઃખ દેનેવાલા હૈ વૈસે હી ઘોર તીવ્ર સ્થાવર જંગમ સબ હી વિષ પ્રાણીયોંકા વિનાશ કરતે હૈં તથાપિ ઈન સબ વિષોમેં વિષયોંકા વિષ ઉત્કૃષ્ટ હૈ, તીવ્ર હૈ. ૧૧૧૦(શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ, ગાથા-૨૧)

વર્ષ-૩
અંક-૧૦

સંવત
૨૦૬૫
June
A.D. 2009




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ત્રિભુવનના સર્વ જીવો પરમ-બ્રહ્મસ્વરૂપ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૭)

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેના બીજા અધિકારની ૧૦૭મી ગાથા ચાલે છે. શબ્દાર્થ થઈ ગયો છે.

પાઠમાં એવો શબ્દ કહ્યો છે કે ત્રિભુવનમાં એક જ આત્મા વસે છે. દિવ્ય શક્તિમાન પરમ પારિણામિકસ્વભાવી દેવ સંગ્રહનયે લોકમાં એક જ છે. સંગ્રહનયથી કથન છે માટે બધા આત્મા એક છે—એમ નથી અને જગતમાં એક આત્મા છે બાકી પાંચ દ્રવ્યો નથી એમ કહેવું નથી, કેમકે આગળની ગાથામાં કર્મ છે, ક્ષેત્ર છે, કાળ છે એ બધી વાત આવી ગઈ છે. આ ગાથામાં તો જાતિ અપેક્ષાએ જીવ એક જ છે એમ સંગ્રહનયથી કથન કર્યું છે.

ભાવાર્થ :—બધા જીવોની એક જાતિ છે. જેમ સેના અને વન એક છે તેમ જાતિ અપેક્ષાએ બધા જીવ એક છે. મનુષ્ય, નારકી, તિર્યંચ અને દેવ એ વર્તમાન અવસ્થાના ભેદોને લક્ષમાં ન લેતાં વસ્તુસ્વભાવ પરમ પારિણામિક દિવ્ય શક્તિવાળા તત્ત્વને અંતરમાં લેતાં બધાં આત્માઓ દિવ્ય શક્તિમાન એક સમાન છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા વર્ણના ભેદ પણ કર્મજનિત છે, વસ્તુના સ્વરૂપમાં એવા કોઈ ભેદ નથી. તેથી કોઈ એમ કહે કે વસ્તુમાં ભેદ નથી માટે શુદ્ર અવસ્થામાં પણ કેવળજ્ઞાન થઈ શકે છે—એમ નથી. ચાંડાલ આદિ શુદ્રને પણ મોક્ષ થઈ શકે એમ અહીં કહેવું નથી. 'જાતિ-વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય.' તેનો અર્થ આપણે એ કર્યો કે જો વીતરાગનો કહેલો માર્ગ

હોય તો તો જે જાતિ અને વેષ નિમિત્ત તરીકે હોય એ જ હોઈ શકે, બીજાં ન હોય. એમ ન હોય કે ગમે તે જાતિ અને ગમે તે વેષમાં મોક્ષ થઈ જાય.

અહો! કેટલી દીર્ઘદૃષ્ટિ! વર્તમાન અવસ્થામાં ભિન્ન-ભિન્નતા હોવા છતાં તે બધી અવસ્થાને લક્ષમાંથી ગૌણ કરી દઈને, જીવનું કાયમી સ્વરૂપ અખંડાનંદ સ્વભાવ કે જેને સર્વજ્ઞ પરમાત્માએ જોયો છે તેને દૃષ્ટિમાં લેવો, જ્ઞાનમાં લેવો એ ઘણી દીર્ઘદૃષ્ટિ છે. પ્રગટ-વ્યક્ત-પ્રસિદ્ધ એવી અવસ્થામાં તો દરેક જીવમાં ભિન્નતા છે. કોઈને મતિ-શ્રુતજ્ઞાનમાં વિશેષતા પ્રગટી છે તો મુનિરાજને, ગણધરોને ચાર જ્ઞાનનો વિકાસ થયો છે અને નિગોદના જીવને તો માત્ર અક્ષરના અનંતમા ભાગે જ્ઞાનનો વિકાસ છે. આમ, આ તો એક ગુણની પર્યાયમાં ભિન્નતા-ભિન્નતા છે, એવી રીતે બધા ગુણોની વ્યક્તતામાં ભિન્નતા-ભિન્નતા હોય છે, છતાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં આખો આનંદકંદ શુદ્ધ દ્રવ્ય છે એવી દૃષ્ટિ કરવી તેમાં અનંતો પુરુષાર્થ છે, એવા પુરુષાર્થમાં જ સમ્યગ્દર્શન થાય છે.

વર્તમાન અવસ્થા હોવા છતાં તેને ગૌણ કરીને, લક્ષમાં ન લેવી અને વસ્તુ તરીકે પૂર્ણ સ્વરૂપ પર્યાયમાં વ્યક્ત ન હોવા છતાં વસ્તુદૃષ્ટિએ વ્યક્ત જ છે એમ દૃષ્ટિમાં લેવામાં મહાન અનંત પુરુષાર્થ છે. એવી દૃષ્ટિનું નામ જ સમ્યગ્દર્શન છે.

શ્રોતા :—સવારના પ્રવચનમાં, બપોરના પ્રવચનમાં, રાત્રિ ચર્ચામાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા જુદી-જુદી આવ્યા જ કરે છે તો સમ્યગ્દર્શન જુદું-જુદું હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સમ્યગ્દર્શન જુદું નથી. એક જ સમ્યગ્દર્શનનું કથન જુદી જુદી રીતે થાય છે. અંતરમાં એક દ્રવ્યના પૂર્ણ સ્વભાવની વાત કરતા અભેદ એક જ્ઞાયકભાવ જે પૂરણ-પૂરણ શક્તિનું આખું સત્ત્વ છે તેનું એકરૂપ દૃષ્ટિમાં લેવું તેને સમ્યગ્દર્શન કહ્યું છે. એ જ અપેક્ષાએ અહીં પણ સમ્યગ્દર્શનની વાત કરી છે.

અહીં અનંતા જીવોની પર્યાયમાં અનેક જાતની પણ વાત કરશે કે ત્રસની જાત, સ્થાવરની જાત, નિગોદની જાત અને તે પણ બધી પ્રતીતમાં આવેલી વાત કહેશે. મારો જ્ઞાનનો એક પર્યાય આ બધાને જાણવાની તાકાત રાખે છે. અનંત જીવો આવા છે. અનંત અનંત જ્ઞેયોના વર્તમાન પર્યાયમાં અનેક ભેદ હોવા છતાં તેનો સ્વભાવ પૂરણ છે એવા બંને પ્રકારને જે જ્ઞાનનો પર્યાય કબૂલ કરે છે તે પર્યાયનું સામર્થ્ય કેટલું?

લોકો તો એમ માને કે ભગવાને આ બધા જીવોની દયા પાળવા માટે તેના અનેક પ્રકારનું જ્ઞાન કરાવ્યું છે. અરે ભાઈ! જે કાર્ય થઈ શકતું નથી તે કરવા માટે ભગવાને

કહ્યું હોય? કોઈ વસ્તુની અવસ્થા બીજો જીવ કરી શકતો નથી છતાં ભગવાન કરવાની વાત કરતા હશે! ભગવાને તો એમ કહ્યું છે કે જીવના એક જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે વિકલ્પ વિના અનંત જીવોને જ્ઞેય તરીકે એક સમયમાં જાણી શકે છે. આવડો મોટો એક જ્ઞાનપર્યાય છે અને તેવા અનંત પર્યાયનો પિંડ તે ગુણ અને તેવા અનંતગુણનું એકરૂપ તે તારું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ!!

કેવળજ્ઞાનનો પર્યાય પ્રત્યક્ષપણે એક સમયમાં સર્વને જાણે અને શ્રુતજ્ઞાનનો પર્યાય પરોક્ષપણે બધાને જાણે પણ એ પર્યાય જેવડો આત્મા નથી એમ દૃષ્ટિ કરાવવા અહીં વાત ઉપાડી છે. પરજીવોને મારવા કે બચાવવાની તો વાત નથી પણ તેનો જે વિકલ્પ ઊઠે છે તેને પણ જોવો નહીં, વિકલ્પ પણ એની જાતની ભાત નથી, એની અલ્પજ્ઞપર્યાયને પણ જોવી નથી, એક દેવને જોવો. ભાષા કેવી વાપરી છે! સંસ્કૃત ટીકામાં જુઓ! ચોથી લીટી.....इक्कइं देवइं एकेन देवेन अभेदनयापेक्षया शुद्धेकजीवद्रव्येण जे येन कारणेन वसइ वसति। ભગવાન અનંત આત્માઓમાં અભેદથી સંગ્રહનયે જોતાં ચૌદ બ્રહ્માંડમાં એક ભગવાન જ વસે છે. ત્રિભુવનમાં એક દેવ વસે છે એટલે બીજી ચીજ નથી એમ નહિ, કર્મ છે તેની વાત તો આગળ આવી ગઈ છે, અહીં તો એકલાં જીવની વાત છે કે બધા જીવો પૂરણ પૂરણ એક સમાન છે. છદ્મસ્થ જીવનો ઉપયોગ ભલે એક સમયમાં કામ ન કરે છતાં પર્યાય એક સમયની છે તે કાંઈ બીજા સમય સાથે એક થઈ જાય છે—એમ નથી. છદ્મસ્થનો ઉપયોગ રાગમિશ્રિત હોવાથી અસંખ્ય સમયે કામ કરે છે છતાં એ ઉપયોગ અનંતા જીવને તેના ગુણ અને પર્યાય સહિત કબૂલ કરે છે તેને કહે છે કે તારે પર્યાયમાં એમ જોવાનું કે બધા ભગવાન બિરાજે છે. બધા જીવો પોતાના અસંખ્ય પ્રદેશમાં સ્થિરબિંબ થઈને બેઠા છે તે ભગવાન છે એમ જો! તેની પર્યાયમાં અનેક પ્રકારના ભેદ છે તેને ગૌણ કરી દે, બધાના એકસ્વરૂપને જો.

હું રંક છું, હું પંચેન્દ્રિય છું, હું રાગનો કરનાર છું એમ જોવું રહેવા દે. ભગવાન! એ તારું સ્વરૂપ નથી. એકેન્દ્રિય નિગોદના જીવને બહુ ઓછું જ્ઞાન છે અને ભગવાનને પૂર્ણજ્ઞાન છે એમ પર્યાયથી ન જો. બધા પૂર્ણ અભેદ અખંડાનંદ શક્તિના પૂંજ પરમાત્મપણે બિરાજે છે એમ જો.

જેને દૃષ્ટિમાં પોતાનો ભગવાન આવ્યો તેની અવિકૃત દૃષ્ટિમાં મારા જેવા જ બધા આત્માઓ ભગવાન છે એમ તરવરે છે, એની માન્યતામાં બધા ભગવાન છે એમ વસે છે, તેથી અભેદનયથી બધા જીવ એક છે એમ ભાસે છે.

હવે જરાં આચાર્યદેવ ભેદ બતાવે છે. ભેદ હોવા છતાં અભેદ છે એમ દૃષ્ટિમાં લેવું.

ચૌદ બ્રહ્માંડ–આખો લોક અનંત જીવોથી ભરેલો છો. લોકમાં એક તલ મૂકો એટલી જગ્યા પણ ખાલી નથી કે જ્યાં અસંખ્ય સૂક્ષ્મ પૃથ્વી આદિ જીવ ન હોય. આ તે કાંઈ અસ્તિત્વ! તેમાં દ્રવ્યની પૂર્ણતા. તેને જ્યારે આ જ્ઞાનની પર્યાય કબૂલ કરે છે અને તેમાં પણ પોતાના દ્રવ્યને કબૂલ કરે છે કે હું અખંડ અભેદ એકરૂપ છું ત્યારે એ પર્યાય બીજા બધા જીવોને પણ એ ભગવાન જ છે એમ કબૂલ કરે છે અને ત્યારે તેને એમ થાય છે કે આમા મારે કોને હીણો જોવો અને કોને અધિક જોવો!

ચૌદ બ્રહ્માંડમાં એક તલ જેટલી જગ્યા પણ ખાલી નથી કે જ્યાં પાણીના સૂક્ષ્મ જીવો ન હોય. એ જ રીતે સૂક્ષ્મ અગ્નિકાય પણ આખા લોકમાં છે. સૂક્ષ્મ વાયુકાયના જીવો અને નિત્ય નિગોદના જીવો પણ આખા લોકમાં ભરેલા છે. જે જીવો પોતાની પર્યાયમાં ભાવકલંકની પ્રચુરતાના કારણે કદી ત્રસમાં આવ્યા નથી, અનાદિથી નિગોદમાં છે અને કેટલાક તો ત્યાંથી નીકળવાના પણ નથી એવી દશાવાળાને નિત્ય નિગોદ કહેવાય છે. તેને નિશ્ચય નિગોદ પણ કહી શકાય. નિત્ય નિગોદ અને ઈતર નિગોદ બંનેના સૂક્ષ્મ નિગોદના જીવો આખા લોકમાં રહેલા છે. પાણી, અગ્નિ, વાયુ, પૃથ્વી આ ચારમાં તો પ્રત્યેક સૂક્ષ્મ પણ આખા લોકમાં છે. વનસ્પતિના પ્રત્યેક આખા લોકમાં નથી.

આવા અનંત જીવોનો વિશ્વાસ પર્યાયમાં લાવવો અને પછી એ પર્યાયને દૃષ્ટિમાંથી ઉઠાવી દેવી અને એક ચૈતન્ય ભગવાન–દિવ્ય શક્તિમાન દ્રવ્યને દૃષ્ટિમાં લઈ તેમાં જ્ઞાનની ધારાએ અંતરમાં જતાં જે અખંડાનંદ પ્રભુનું ધ્યેય છે તેનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે.

જુઓ શું કહે છે અહીં! સૂક્ષ્મ જીવોથી તો આખો લોક ભરેલો છે, આ અંગુલનો અસંખ્યમો ભાગ લ્યો ત્યાં પણ અનંતા જીવ છે. આકાશના એક પ્રદેશમાં એક આખો જીવ ન રહી શકે પણ અનંત જીવોના એક એક પ્રદેશ એક આકાશના પ્રદેશ ઉપર રહી શકે છે. જુઓ તો એની મહિમા! એક જીવના અસંખ્ય પ્રદેશ લોકાકાશના પ્રદેશ જેટલા છે. એ જીવના પ્રદેશો લોકાકાશના અસંખ્ય પ્રદેશને રોકીને રહે; એક પ્રદેશમાં જીવના બધા પ્રદેશ ન આવે પણ અનંત જીવના એક એક પ્રદેશ આકાશના એક પ્રદેશમાં આવી જાય છે.

૭૪ની સાલમાં બોટાદમાં ૫૦ ગામના માણસો ભેગા થયા હતા તેમાં રાજકોટના કેળવણી ખાતાના વડા પ્રાણજીવન માસ્તરે આ પ્રશ્ન કર્યો હતો કે એક પ્રદેશમાં કેટલા જીવના પ્રદેશ હોય છે? કીધું, એક આકાશપ્રદેશમાં અનંતાજીવના અનંતપ્રદેશ છે. ચૈતન્ય

ભગવાન ક્ષેત્રથી પણ એવો મોટો છે કે એક પ્રદેશમાં ન રહે. તેની ભાવની મોટાઈની તો વાત્ત જ જુદી છે પણ ક્ષેત્રથી પણ એવો મોટો છે કે પ્રદેશોનો ગમે તેટલો સંકોચ થાય તોપણ એક જીવ લોકના અસંખ્યપ્રદેશને તો રોકે...રોકે ને રોકે જ. એક, બે કે સંખ્યાત્ પ્રદેશમાં આત્મા રહી જ ન શકે. એક પ્રદેશ પણ લોકનો અસંખ્યમો ભાગ કહેવાય પણ તેમાં આખો જીવ ન રહી શકે. લોકનો એવો અસંખ્યમો ભાગ કે જેમાં અસંખ્યપ્રદેશ છે તેમાં અનંતજીવના અનંતપ્રદેશો છે ત્યાં જ ધર્માસ્તિ અને અધર્માસ્તિના પ્રદેશો પણ છે અને કાળાણું પણ ત્યાં છે. આમ, આકાશના અસંખ્ય પ્રદેશમાં છએ દ્રવ્ય એકસાથે રહેલાં છે છતાં તે સૌના અનંતાનંત ભાવો પોતપોતામાં રહેલાં છે.

અનંતાનંત જીવોના વર્તમાનભાવને જોતાં તેમાં અનેક ભેદ છે પણ તેનો વસ્તુસ્વભાવ જોતા સ્વભાવ એક છે. સ્વભાવ કોઈના જુદા નથી, એક સરખા સ્વભાવવાળા જીવો રહેલા છે. ૭૪ની સાલમાં મેં દાખલો આપીને કહ્યું હતું કે આ તો ગણિતનો વિષય છે તેથી બધાને શ્રદ્ધામાં બેસે એવી વાત છે. યુરોપીયનને કહો તો તેને પણ બેસી જાય એવી વાત છે. દા.ત. આખા લોકના પ્રદેશ જેટલો એક જીવ છે તો અડધા લોકમાં એક જીવ રહે તો આકાશના એક પ્રદેશમાં કેટલા જીવ આવે?—બે. આખા લોકમાં એક જીવ રહે તો દરેક આકાશપ્રદેશે જીવનો એક એક પ્રદેશ આવે, તેમ અડધા લોકમાં જીવ રહે તો બે પ્રદેશ આવે તેમ ચોથા ભાગમાં રહે તો એક આકાશ પ્રદેશમાં જીવના ચાર પ્રદેશ આવે, દશમાં ભાગમાં રહે તો એક પ્રદેશમાં જીવના દશ પ્રદેશ રહે તેમ સંખ્યાતમાં ભાગમાં એક જીવ રહે તો આકાશના એક એક પ્રદેશમાં જીવના સંખ્યાત પ્રદેશ રહે. તેમ, અસંખ્યાતમાં ભાગમાં જીવના અસંખ્યાત પ્રદેશ રહે. આમ ગણિત તો બધાનો સમજાય જાય.

મૂળ તો અંદરમાં તેનો ભાવ સમજવો જોઈએ. લોકનો છેલ્લો ભાગ કે જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ અનંત જીવના અનંત પ્રદેશ રહેલા છે. સિદ્ધના પ્રદેશ પણ ત્યાં જ છે. આકાશના એક પ્રદેશમાં એક સિદ્ધ ન રહી શકે પણ એક પ્રદેશમાં અનંત સિદ્ધના અનંત પ્રદેશ સાથે રહી શકે છે. આ બધી વસ્તુ આમ જ છે, માત્ર કલ્પના કે ગપ્પા નથી.

ભગવાન આત્માની શું વાત કહેવી! એની આસ્થામાં કેટલું અસ્તિત્વ આવી જાય છે! પર્યાયના બધા ભેદો શ્રદ્ધામાં આવી જાય છે તે તો ગૌણ પણ મુખ્ય તો તેની દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ આવી જાય છે અને જેવો પોતાનો દ્રવ્યસ્વભાવ પૂર્ણ છે તેવા બધા જીવોના દ્રવ્યસ્વભાવ મારા જેવા જ છે એમ એની શ્રદ્ધામાં આવી જાય છે અર્થાત્ નિર્વિકલ્પ પ્રતીત થઈ જાય છે.

લોકાકાશ અસંખ્યપ્રદેશી હોવા છતાં તેમાં અનંતા જીવોના અનંતપ્રદેશ સમાય જાય છે. અરે! છ જાતના બધા દ્રવ્યો લોકમાં જ રહેલા છે ને! છ પ્રકારના દ્રવ્યો છે. એક તો ચૈતન્યસ્વભાવી દ્રવ્યો છે. બીજા, મૂર્તિક એવા પુદ્‌ગલ દ્રવ્ય છે અને બીજા ચાર અમૂર્તિક એવા અજીવ સ્વભાવ છે તેની જાતની પૂર્ણતાની દૃષ્ટિ કરવી. વર્તમાન પર્યાય વ્યક્ત હોવા છતાં દૃષ્ટિમાં તેને અવ્યક્ત કરી નાખવું અને પર્યાયમાં નહિ પ્રગટ એવું અવ્યક્ત દ્રવ્ય દૃષ્ટિમાં લેતાં અનંતગુણની રાશિ એવા ભગવાન બધા એકરૂપે રહેલાં જણાય છે. આવી દૃષ્ટિ કરવામાં અનંત પુરુષાર્થ છે, વાત કરવાથી દૃષ્ટિ થઈ જતી નથી. પ્રથમ તો જ્ઞાન આ બધું કબૂલે અને પોતાના સ્વભાવ તરફ ઢળે ત્યારે એને અંતરથી નિ:શંક પ્રતીત સહિત અનુભવ થાય છે. ત્યારે બધા આત્માઓ ભગવાન તરીકે શ્રદ્ધામાં આવે છે, ત્યાં કોને હીન કે અધિકપણે જુએ!

સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ જલકાય તો આખા લોકમાં ભરેલા છે તે વાત કરી. હવે બાદરની વાત કરે છે કે પૃથ્વીકાયબાદર, જલકાયબાદર, અગ્નિકાયબાદર, વાયુકાયબાદર, નિત્યનિગોદબાદર, ઈતરનિગોદબાદર અને પ્રત્યેક વનસ્પતિ જ્યાં આધાર છે ત્યાં છે. સૂક્ષ્મજીવોને આધારની જરૂર નથી તેથી તે તો આખા લોકમાં નિરંતર ભરેલા જ છે પણ બાદર જીવો આધાર વિના હોતા નથી. તેથી આખા લોકમાં બધી જગ્યાએ ન હોય, જ્યાં આધાર હોય ત્યાં જ હોય છે. નિત્ય નિગોદ અને ઈતરનિગોદના પણ સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. પૃથ્વીની એક કણીમાં અસંખ્ય બાદર જીવો હોય છે તેમજ પાણીના એક ટીપામાં અસંખ્ય બાદરજીવ હોય છે, અગ્નિની એક ચિનગારીમાં અસંખ્ય બાદર અગ્નિકાય જીવ હોય છે. વાયુકાયબાદર, વનસ્પતિકાય અને નિત્યનિગોદબાદર અને ઈતરનિગોદબાદર, આ જીવો લોકમાં બધી જગ્યાએ નહિ પણ ઘણી જગ્યાએ હોય છે.

આમ, સ્થાવર તો ત્રણેય લોકમાં જોવા મળે છે અને દ્વિ-ઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ મધ્યલોકમાં જ હોય છે. અધોલોક કે ઉર્ધ્વલોકમાં હોતા નથી. નારકી કે દેવલોકમાં આવા તિર્યંચજીવો હોતા નથી.

વળી, ભોગભૂમિમાં તો પંચેન્દ્રિય જીવ જ હોય છે. ત્યાં દ્વિ-ઈન્દ્રિયથી ચૌરેન્દ્રિય જીવો ન હોય કેમ કે ત્યાં પાપનો ઉદય નથી હોતો. દ્વિ-ઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિયના જીવો કર્મભૂમિમાં જ હોય છે. ભોગભૂમિમાં પંચેન્દ્રિય સ્થલચર અને નભચર ગર્ભજ જ હોય છે. મનુષ્યો તો અઢીદ્વીપમાં જ હોય છે, અન્ય કોઈ જગ્યાએ મનુષ્યો હોતા નથી.

દેવલોકમાં સ્વર્ગવાસી દેવ-દેવી જ હોય, અન્ય કોઈ પંચેન્દ્રિય ન હોય.

પાતાળલોકમાં નરકની ઉપરના ભાગમાં ભવનવાસી તથા વ્યંતરદેવ અને નીચેના ભાગમાં સાત નરકોના નારકી પંચેન્દ્રિય છે, અન્ય કોઈ નથી અને મધ્યલોકમાં ભવનવાસી, વ્યંતરદેવ તથા જ્યોતિષીદેવ આ ત્રણ જાતિના દેવ અને તિર્યંચો હોય છે.

આ રીતે, ત્રસ જીવ કોઈ જગ્યાએ છે, કોઈ જગ્યાએ નથી. આમ, આ લોક આખો જીવોથી ભરેલો છે. લોકનો કોઈ ભાગ સૂક્ષ્મસ્થાવર જીવો વિનાનો ખાલી નથી. બધી જ જગ્યાએ સૂક્ષ્મસ્થાવર જીવો હોય છે. તેથી કહ્યું હતું કે ત્રિભુવન જીવોથી ભરેલો છે.

આ બધા જીવો શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાનાદિ ગુણરૂપ છે. તેથી જોકે આ જીવ-રાશિ વ્યવહારનયથી કર્માધીન છે તોપણ નિશ્ચયનયથી શક્તિરૂપ પરમબ્રહ્મસ્વરૂપ છે. જીવની જે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાયો છે તે પણ પારિણામિકભાવે છે. અરે, ઉદયભાવમાં જે વિકાર છે તે પણ પારિણામિકભાવની જ પર્યાય છે પણ તે પર્યાયનો પારિણામિકભાવ છે, દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધનયનો વિષય છે. ઔદારિક, ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક ભલે પારિણામિકભાવની જ પર્યાયો છે પણ નિમિત્તની અપેક્ષાથી તેને અપરમભાવ કહેવાય છે. દ્રવ્યસ્વભાવ પરમપારિણામિકભાવ છે.

બધા જીવો કહેતાં 'દ્રવ્ય' આવ્યું, આખો લોક કહેતા 'ક્ષેત્ર' આવ્યું. હવે 'ભાવ' સિદ્ધ કરતા એકરૂપ શુદ્ધ પારિણામિક પરમભાવની દૃષ્ટિથી જોતાં જે જ્ઞાનનું પ્રયોજન શુદ્ધ દ્રવ્ય છે તે કેવળજ્ઞાનાદિ ગુણરૂપ છે, તેમાં કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ ગુણની વાત છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, સ્વચ્છતા, વિભુતા, પ્રભુત્વ....બધા ગુણો પરમપારિણામિકભાવે છે. દ્રવ્યાર્થિકનયથી બધા જીવોમાં આ અનંતગુણો ઠસાઠસ ભરેલાં છે. અહો! પ્રમાણના દ્રવ્યની વાત નહીં પણ સામાન્ય દ્રવ્યની વાત છે.

એક અંગુલના અસંખ્યમાં ભાગમાં એક શરીરની અંદર અનંતા નિગોદના જીવ છે, તે દરેકમાં ઔદયિક, ક્ષયોપશમિક અને પારિણામિક ત્રણ ભાવ રહેલા છે, તે દરેક જીવની સાથે તૈજસ, કાર્માણ શરીર છે, તે એક તૈજસ, કાર્માણમાં અનંતા સ્કંધ-પરમાણુની પ્રકૃતિઓ ઠસાઠસ ભરેલી છે.

શ્રોતા :—તે એકબીજાને રહેવામાં બાધક નહીં થતી હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સૂક્ષ્મપ્રકૃતિઓને રહેવામાં બાધા કેવી! એ તો ઠીક વ્યવહારની વાત છે. પણ તે અંગુલના અસંખ્યમાં ભાગ જેટલા ક્ષેત્રમાં જે અનંત

નિગોદજીવ રહેલાં છે તે કેટલાં?—કે સિદ્ધ કરતાં અનંતગુણા જીવો છે. તે દરેક જીવમાં અનંતા ગુણો રહેલા છે અને તેની એક એક સમયની પર્યાયમાં ઉદયભાવ અને ક્ષયોપશમભાવ છે. ઉપશમભાવ અને ક્ષાયિકભાવ નથી. પારિણામિક ભાવ તો ત્રિકાળ દ્રવ્યપણે છે જ. અહા! દ્રવ્યાર્થિકનયે એટલે કે સામાન્ય-અંશની દૃષ્ટિએ તે ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે.

આ અભેદની વાત છે. પર્યાયમાં અનંતા જીવોના પ્રકારમાં ભિન્નતા હોવા છતાં તેને લક્ષમાંથી ગૌણ કરી નાંખીને પૂર્ણ પારિણામિકભાવની અંતરદૃષ્ટિ કરવી તેનું નામ અભેદદૃષ્ટિ અને સમ્યગ્દર્શન કહેવાય છે. વ્યવહાર છે ખરો પણ તેને ગૌણ કરી નાંખ તો અભેદદૃષ્ટિ થઈ શકશે. તારી અવસ્થાને જેમ ગૌણ કરી તેમ બધા જીવોની અવસ્થાને ગૌણ કરીને જોઈશ તો બધા જીવો ભગવાન છે એમ જણાશે. અંગુલના અસંખ્યમાં ભાગમાં અનંતા પરમાત્મા બિરાજે છે.

આવા સ્વભાવની સૂક્ષ્મતાની પ્રતીત કોણ કરે? જેનું વીર્ય એક સમયની અવસ્થાને નહીં કબૂલતા, એકરૂપ ધ્રુવ મહાપ્રભુને કબૂલે છે તેની દૃષ્ટિમાં વિકલ્પ નહિ રહે, નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં બધા દ્રવ્યો મારા જેવા ભગવાન છે એવી દૃષ્ટિ થઈ જશે. તે દૃષ્ટિમાં કોઈ પ્રત્યે શત્રુ, મિત્રપણું નહિ રહે. જ્યાં ભેદપણું રહેતું નથી ત્યાં શત્રુ-મિત્રપણું તો ક્યાં રહે?

આ તો સ્વભાવવાદની વાત છે. વીતરાગમાર્ગ એ સ્યાદ્‌વાદ છે. છ પ્રકારના દ્રવ્યો અણકરાયેલા અનાદિ-અનંત રહેલાં છે તેને કોઈએ કર્યા નથી. બધા પૂર્ણ છે કોઈ ઓછા કે અધૂરા દ્રવ્યો નથી. માત્ર પર્યાયમાં અપૂર્ણતા છે તેને ગૌણ કરીને પૂર્ણતાને જોવાની વાત છે. આહાહા! આ માટેના પ્રયત્નના પડખા ફેરવવામાં મોટો પુરુષાર્થ છે. વીતરાગમાર્ગમાં કહેલો વ્યવહાર પણ જુદી જાતનો છે ને નિશ્ચય તત્ત્વો તો કોઈ અલૌકિક જ છે.

અહીં બધા જીવોની પર્યાયની ભિન્ન-ભિન્નતા કેમ જણાવી?—કે આવી ભિન્ન-ભિન્ન પર્યાયવાળા જીવોને જે જ્ઞાન નહિ સ્વીકારે તો એ જ્ઞાન એક એક જીવ પરિપૂર્ણ છે એમ સ્વીકારી નહિ શકે. માટે બધા ભેદનું પણ જ્ઞાન કરાવે છે. ભગવાનના ઘરની વાત બહુ મોટી છે ભાઈ!

શ્રોતા :—આમાં અમે ઘરે વાંચીએ તો શું સમજાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમ કાંઈ હોય! શક્તિ પ્રમાણે ઘરે વાંચે, વિચારે અને પછી અહીં સાંભળે તો ક્યાં ફેર પડે છે તે સમજાય. દરરોજ કલાક, બે કલાક સ્વાધ્યાય તો

આવા તત્ત્વનો કરવો જ જોઈએ. આ તો જીવનો ખોરાક છે. ઓલો ખોરોક તો ધૂળનો છે. સ્વના લક્ષે દરરોજ બે-ચાર કલાક સ્વાધ્યાય, વાંચન, ઘોલન હોવું જોઈએ. સ્વના લક્ષ વગર એકલું માત્ર બહુ વાંચ્યા કરે તો ઊંધું પણ થઈ જાય.

સામાન્ય દ્રવ્ય ત્રિકાળ પરમ પારિણામિકભાવ છે અને સમય સમયની પર્યાય છે તે પારિણામિકભાવ છે, પરમ પારિણામિકભાવ નથી, ઉત્પાદ-વ્યયરૂપ છે. 'ધવલ'માં વિકારને પણ પારિણામિકભાવે કહ્યો છે. વીરસેનસ્વામી કહે છે કે અમને કબૂલ છે કે વિકાર પારિણામિકભાવ છે. પરમ પારિણામિકભાવ નથી. વિકાર પર્યાયની અપેક્ષાવાળો પારિણામિકભાવ છે. પરમ પારિણામિકભાવ તો ત્રિકાળ એકરૂપ છે. દ્રવ્યસંગ્રહમાં પારિણામિકભાવના ત્રણ ભેદ પાડ્યા છે. આપણે વાંચનમાં બધું આવી ગયું છે.

અહીં તો એક સ્વદ્રવ્યની વાત લેવી હોય તો દ્રવ્ય-ભગવાન પરમ પારિણામિક પૂરો અને તેની પર્યાયમાં ચાર પ્રકાર પડે તેને પારિણામિકભાવ કહેવાય છે. સ્વનું પરિણમન છે તે અપેક્ષાએ પારિણામિક કહેવાય છે. ચાર પ્રકારના પર્યાયભાવમાં ક્ષાયિકભાવ પણ છે, તે ભલે એવી ને એવી દશા કાયમ રહે પણ તેનો ઉત્પાદ તો થયા જ કરે. એક સમયે જે ભાવ છે તે વ્યય થઈને બીજા સમયે એવો ને એવો ઉત્પાદ થાય છે. કેવળજ્ઞાનનો પર્યાય પણ સમયે-સમયે ઊપજે છે અને વ્યય પામે છે. એક સમયે ઊપજેલો ભાવ બીજા સમયે રહેતો નથી. કેમ કે એ ઉત્પાદ-વ્યયવાળો જ ભાવ છે. ધ્રુવ તો એક પરમ પારિણામિકભાવ જ છે.

સમજાયું કાંઈ! આ ભગવાનના ઘરની લીલા છે. ઉદયપણે પરિણમે....ઉપશમપણે પરિણમે....ક્ષયોપશમપણે પરિણમે અને ક્ષાયિકપણે પરિણમે....કેમ કે એક સમયની દશા છે અને પરમ પારિણામિકભાવ તો ત્રિકાળ એકરૂપ રહે છે. તે જ દૃષ્ટિનો વિષય છે. ચાર ભાવની પર્યાય તો આવે છે ને જાય છે. ક્ષાયિક સમકિત અને કેવળજ્ઞાન પણ પર્યાય છે. સિદ્ધપદ પણ પર્યાય હોવાથી એક સમયે ઊપજે છે અને બીજા સમયે વ્યય થાય છે અને નવી સિદ્ધદશા ઊપજે છે. સિદ્ધજીવને પરમ પારિણામિકભાવ ધ્રુવ અને ક્ષાયિકભાવ-પર્યાયરૂપ એમ બે જ ભાવ છે. નિગોદમાં એક પરમ પારિણામિકભાવ ધ્રુવ અને ઉદય તથા ક્ષયોપશમ એ બે પર્યાયભાવ એમ ત્રણ ભાવ છે. વિકારનો ભાવ ઉદયરૂપ છે જ્ઞાન, દર્શન, વીર્યનો ક્ષયોપશમભાવ છે. આમ જુઓ તો વિકારરૂપે તેનો પરમ પારિણામિકભાવ જ પરિણમે છે માટે તેને પારિણામિકભાવ કહ્યો છે. જયધવલ, ધવલ જેવા શાસ્ત્રોમાં વિકારને પારિણામિકભાવે કહ્યો છે. વસ્તુ એમ જ છે. આસ્રવ અધિકારમાં પણ એવી ધ્વની

ઊઠે છે. ઉદયભાવ મલિનપર્યાયરૂપે પારિણામિક છે અને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક નિર્મળપર્યાયરૂપે પારિણામિકભાવ છે. નિમિત્તની અપેક્ષા લઈએ તો ચારમાંથી એકેય ભાવ કર્મના નિમિત્ત વિના હોતા નથી.

વસ્તુના સ્વભાવમાં કોઈ નવો ભાવ કે અભાવ થતો નથી, કાયમ એકરૂપ રહે છે માટે તેને પરમ પારિણામિકભાવ કહ્યો છે. નિમિત્તની અપેક્ષાએ ચારભાવને ઔદયિક, ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક એવા નામ આપ્યા અને તે પર્યાયરૂપ હોવાથી તેને પારિણામિકભાવ કહ્યા. આમ, જે અપેક્ષાએ કહેવાય તે અપેક્ષા સમજવી જોઈએ.

સંસ્કૃત ટીકામાં તથા તે જીવાઃ કહીને સર્વ જીવોની વાત કરી છે. शुद्धपारिणामिकपरमभाव ग्राहकेण शुद्ध द्रव्यार्थिकनयेन शक्त्यपेक्षया केवलज्ञानादि गुणरुपास्तेन... જોકે, આ જીવરાશિ વ્યવહારનયથી કર્માધીન છે–પર્યાયમાં નિમિત્ત આધીન થાય છે એવો એક ધર્મ છે. ‘ઈશ્વર શક્તિ નામનો પર્યાયધર્મ છે. સાધકજીવ પણ એમ જાણે છે કે નિમિત્તને આધીન થવાનો મારો પોતાનો એક પર્યાયધર્મ છે, નિમિત્ત મને આધીન કરાવતું નથી. ૪૭ નયમાં આ એક ‘ઈશ્વરનય’ નામનો નય છે. કાળનયે મોક્ષ અને અકાળનયે મોક્ષ કહ્યો એ પણ જીવના બંને ધર્મો છે. એક જ મોક્ષના બે નયથી કથન છે. નિયત અને અનિયત નય પણ એક જ સમયમાં બંને ધર્મો છે. તેમ, એ જ સમયે સમ્યગ્દષ્ટિ પોતાને ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર જાણે છે. નિમિત્ત આધીન હું પોતે જ થાઊં છું એવો મારો પોતાનો પર્યાયધર્મ છે. અનંત ધર્મોમાંથી આ એક ધર્મ છે. આત્મા, ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંતધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. તેમાંથી એક નય એક ધર્મને વિષય બનાવે છે પણ શ્રુતજ્ઞાની એક જ સમયે અનંતધર્મોને પ્રમાણજ્ઞાનમાં જાણે છે—એમ શરૂ કરીને એક એક નયની વાત પ્રવચનસારમાં લીધી છે તેમાં કહ્યું છે કે ઈશ્વરનયે હું પરાધીન થાઊં છું, અનીશ્વરનયે જાણું તો પરાધીન ન થાઊં એવો મારો સ્વભાવધર્મ છે (આ ૩૪-૩૫મો ધર્મ છે). વસ્તુમાં તો એક સમયમાં બધા ધર્મો છે પણ શ્રુતજ્ઞાનમાં એક એક નયથી એક એક ધર્મને જાણવામાં આવે છે અને પ્રમાણજ્ઞાન વડે અનંતને એકસાથે જાણે છે.

આ બધું સમજ્યા વિના મોટી તકરાર ચાલે છે. શાંતિથી....મધ્યસ્થતાથી....જોવું જોઈએ કે શું કહે છે! સાધકજીવને એક સમયમાં આ બધા ધર્મો એકસાથે છે. કર્તૃનયનો ધર્મ પણ છે, કેમકે રાગપણે પર્યાયમાં જ્ઞાની પણ પરિણમે છે, તેથી આ રાગરૂપ પર્યાયધર્મ મારો છે અને એ જ સમયે રાગને જાણવારૂપ અકર્તૃધર્મ પણ મારો છે. કર્તૃધર્મ પહેલો

અને પછી અકર્તૃધર્મ છે એમ નથી. 'નયપ્રજ્ઞાપન' પુસ્તક આવ્યું છે. તેમાં બહુ સરસ સ્પષ્ટ કર્યું છે. 'આત્મપ્રસિદ્ધિ'માં ૪૭ શક્તિનું વર્ણન પ્રસિદ્ધ થયું છે.

આત્મા કોણ છે અને કઈ રીતે પ્રાપ્ત થાય? એવા પ્રશ્નનના ઉત્તરરૂપે આ ૪૭ નય પ્રવચનસારમાં આવી છે. અનંતધર્મોનો આધાર એવો એક દ્રવ્ય સ્વાનુભવ વડે પ્રમાણ થઈ શકે છે. એક નયથી પણ અંદરમાં જો અને બીજા નયથી પણ અંદરમાં જો. નિશ્ચય-વ્યવહાર બધી નયથી અંદરમાં જોતા આત્મા જણાય છે. બહુ અલૌકિક વાત કરી છે. અમૃતચંદ્રાચાર્યે કેવળીના પેટ ખોલી નાખ્યા છે.

અહીં આપણે ઈશ્વરનયની વાત હતી કે, પરતંત્રપણે હું થાઊં છું તે મારા ધર્મથી થાઊં છું એમ જ્ઞાની પોતાના પર્યાયધર્મને જોઈને, જાય છે દ્રવ્યમાં. અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છું, હરણને સ્વચ્છંદે ફાડી ખાતા સિંહની માફક. હું પોતે સ્વતંત્રપણે પરને આધીન ન થાઊં એવો પણ મારો જ ધર્મ છે. આમ એક જ જીવને એક જ સમયે સાધકને બંને નય એકસાથે વર્તે છે. સાધકની જ વાત છે, કેમ કે નય સાધકને જ હોય. જો નય સિદ્ધને પણ હોય તો કર્તૃનયે રાગનું કરવાપણું હોય ત્યાં સિદ્ધદશા ક્યાંથી થાય! માટે સિદ્ધને નય ન હોય. સાધક સમ્યક્ દૃષ્ટિને અભેદની દૃષ્ટિપૂર્વક પર્યાયમાં આવા ભિન્ન-ભિન્ન ધર્મો એકસાથે છે એમ સાધક પોતે શ્રુતજ્ઞાન પ્રમાણથી જુએ છે અને દૃષ્ટિ તો દ્રવ્યમાં જ છે.

સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે. તેથી ૪૭ શક્તિ વર્ણવી અને પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે તેથી ૪૭ નય દ્વારા પર્યાયના ધર્મોનું કથન આવ્યું છે. સાધક પ્રમાણજ્ઞાન વડે જુએ કે નય સમૂહ દ્વારા જુએ, સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે.

ઉદયકાળે સમ્યગ્દૃષ્ટિ પોતે જ પરાધીન થઈને પરિણમે છે અને જાણે છે કે આ મારી જ યોગ્યતાનો ધર્મ છે, કર્મના ઉદયનો ધર્મ નથી. વ્યવહારનયથી આવી દશાને કર્માધીન કહેવાય પણ પરિણમન તો પોતાનું જ છે. આગળ અગ્નિના દૃષ્ટાંતથી આ વાત આવશે.

આમ, સર્વ જીવરાશિ વ્યવહારનયથી કર્માધીન છે તોપણ નિશ્ચયનયથી શક્તિરૂપ પરમબ્રહ્મસ્વરૂપ છે. બધા ભગવાન પરમાનંદસ્વરૂપ છે. માટે, તારે આનંદ જોઈતો હોય, દુઃખથી છૂટવું હોય તો ત્યાં નજર કર! જીવ પોતે જ પરમબ્રહ્મસ્વરૂપ હોવાથી તેને પરમવિષ્ણુ અને પરમશિવ પણ કહેવાય છે. (ક્રમશઃ)

# જૈનદર્શનનું રહસ્ય : ક્રમબદ્ધપર્યાય

## ક્રમબદ્ધપર્યાય : કાનજીસ્વામી

જુઓ, આ ક્રમબદ્ધપર્યાયમાં ખરેખર તો જ્ઞાનસ્વભાવી આત્માની વાત છે; કેમ કે ક્રમબદ્ધપર્યાયનો જાણનાર કોણ? 'જ્ઞાયક'ને જાણ્યા વગર ક્રમબદ્ધપર્યાયને જાણશે કોણ? જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જ્ઞાયકભાવપણે જે પરિણમ્યો તે જ્ઞાયક થયો એટલે અકર્તા થયો ને તે જ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો.

**(૧૧૦) ક્રમબદ્ધપર્યાયે ઊપજતો જ્ઞાયક પરનો અકર્તા છે.**

આ સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકાર છે; સર્વવિશુદ્ધજ્ઞાન એટલે શુદ્ધજ્ઞાયકભાવ, તે પરનો અકર્તા છે—એ વાત અહીં સિદ્ધ કરવી છે.

પોતાના જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો જીવ પરનો કર્તા નથી ને પર તેનું કાર્ય નથી. પર્યાય નવી થાય છે તે અપેક્ષાએ તે "ઊપજે છે" એમ કહ્યું છે. પહેલાં તે પર્યાય ન હતી ને નવી પ્રગટી—એ રીતે પહેલાંની અપેક્ષાએ, તે નવી ઊપજી કહેવાય છે, પણ તે પર્યાયને નિરપેક્ષપણે જુઓ તો દરેક સમયની પર્યાય તે સમયનું સત્ છે, તેની ઉત્પત્તિ કે વિનાશ તે તો પહેલાં અને પછીના સમયની અપેક્ષાએ છે.

"દ્રવ્ય વિના પર્યાય ન થાય એટલે કે દ્રવ્ય અને પર્યાય એ બે ચીજ વગર કર્તાકર્મપણું સિદ્ધ ન થાય"—એ દલીલ તો જ્યારે કર્તાકર્મપણું સિદ્ધ કરવું હોય ત્યારે આવે; પરંતુ "પર્યાય પણ નિરપેક્ષ સત્ છે"—એમ સિદ્ધ કરવું હોય ત્યાં એ વાત ન આવે, એકેક સમયની પર્યાય પણ પોતે પોતાથી સત્ છે, 'દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધપર્યાય છે,' પર્યાય દ્રવ્યથી આલિંગિત નથી એટલે કે નિરપેક્ષ છે. (જુઓ, પ્રવચનસાર ગાથા–૧૭૨ ટીકા). અહીં એ વાત સિદ્ધ કરવી છે કે પોતાની નિરપેક્ષ ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો જીવ તેમાં તદ્રૂપ છે. દ્રવ્ય પોતાની પર્યાય સાથે તદ્રૂપ–એકમેક છે, પણ પરની પર્યાય સાથે તદ્રૂપ નથી, તેથી તેને પર સાથે કર્તાકર્મપણું નથી; એ રીતે જ્ઞાયક આત્મા અકર્તા છે. આ કર્તાકર્મ અધિકાર નથી પણ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર છે એટલે અહીં જ્ઞાયકભાવ પરનો અકર્તા છે—એવું અકર્તાપણું સિદ્ધ કરવું છે.

જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતો થકો જીવ છે,—અજીવ નથી.

"ઊપજે છે"—કોણ ઊપજે છે? જીવ પોતે. જીવ પોતે જે પરિણામપણે ઊપજે છે તેની સાથે અનન્યપણું–એકપણું છે, અજીવ સાથે તેને અનન્યપણું નથી માટે તેને અજીવ સાથે કાર્યકારીપણું નથી. દરેક દ્રવ્ય પોતે જે પરિણામપણે ઊપજે છે તેની સાથે જ અનન્યપણું છે, બીજાના પરિણામ સાથે તેને અનન્યપણું નથી તેથી તે અકર્તા છે. આત્મા પણ પોતાના જ્ઞાયકભાવપણે ઊપજતો થકો તેની સાથે તન્મય છે, તે પોતાના જ્ઞાનપરિણામ સાથે એકમેક છે પણ પર સાથે એકમેક નથી, માટે તે પરનો અકર્તા છે. જ્ઞાયકપણે ઊપજતા જીવને કર્મ સાથે એકપણું નથી, માટે તે કર્મનો કર્તા નથી; જ્ઞાયકદૃષ્ટિમાં તે નવા કર્મબંધનને નિમિત્ત પણ થતો નથી માટે તે અકર્તા જ છે.

## (૧૧૧) કર્મના કર્તાપણાનો વ્યવહાર કોને લાગુ પડે?

શ્રોતા :—આ તો નિશ્ચયની વાત છે પણ વ્યવહારથી તો આત્મા કર્મનો કર્તા છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાયકસ્વરૂપ આત્મા ઉપર જેની દૃષ્ટિ નથી ને કર્મ ઉપર દૃષ્ટિ છે એવો મિથ્યાદૃષ્ટિ જીવ જ કર્મનો વ્યવહારે કર્તા છે–એ વાત આચાર્યદેવ હવેની ગાથાઓમાં કહેશે. જેને હજી કર્મની સાથેનો સંબંધ તોડીને જ્ઞાયકભાવરૂપે નથી પરિણમવું પણ કર્મની સાથે કર્તા-કર્મપણાનો વ્યવહાર રાખવો છે, તે તો મિથ્યાદૃષ્ટિ જ છે. મિથ્યાત્વાદિ જડકર્મના કર્તાપણાનો વ્યવહાર અજ્ઞાનીને જ લાગુ પડે છે, જ્ઞાનીને નહિ.

શ્રોતા :—તો પછી જ્ઞાનીને ક્યો વ્યવહાર?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાનીના જ્ઞાનમાં તો પોતાના જ્ઞાયકસ્વભાવને જાણવાની મુખ્યતા છે, અને મુખ્ય તે નિશ્ચય છે, તેથી પોતાના જ્ઞાયકસ્વભાવને જાણવો તે નિશ્ચય છે; અને સાધકદશામાં વચ્ચે જે રાગ રહ્યો છે તેને જાણવો તે વ્યવહાર છે, જ્ઞાનીને આવા નિશ્ચય-વ્યવહાર એક સાથે વર્તે છે. પરંતુ મિથ્યાત્વાદિ કર્મપ્રકૃતિના બંધનમાં નિમિત્ત થાય કે તેનો વ્યવહારકર્તા થાય—એવો વ્યવહાર જ્ઞાનીને હોતો જ નથી. તેને જ્ઞાયકદૃષ્ટિના પરિણમનમાં કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તૂટી ગયો છે. હવેની ગાથાઓમાં આચાર્યદેવ આ વાત વિસ્તારથી સમજાવશે.

## (૧૧૨) વસ્તુનો કાર્યકાળ.

કાર્યકાળ કહો કે ક્રમબદ્ધપર્યાય કહો; જીવનો જે કાર્યકાળ છે તેમાં ઊપજતો થકો જીવ તેનાથી અનન્ય છે ને અજીવના કાર્યકાળથી તે ભિન્ન છે. જીવની જે પર્યાય થાય તેમાં

અનન્યપણે જીવદ્રવ્ય ઊપજે છે તે વખતે જગતના બીજા જીવ-અજીવ દ્રવ્યો પોતપોતાના કાર્યકાળે—ક્રમબદ્ધપર્યાયે—ઊપજે છે પણ તે કોઈની સાથે આ જીવને એકતા નથી.

તેમજ, અજીવનો જે કાર્યકાળ છે તેમાં ઊપજતું થકું અજીવ તેનાથી અનન્ય છે ને જીવના કાર્યકાળથી તે ભિન્ન છે. અજીવના એકેક પરમાણુની જે પર્યાય થાય તેમાં અનન્યપણે તે પરમાણુ ઊપજે છે, તેને બીજાની સાથે એકતા નથી. શરીર ચાલે, ભાષા બોલાય ઇત્યાદિ પર્યાયપણે અજીવ ઊપજે છે, તે અજીવની ક્રમબદ્ધપર્યાય છે, જીવને લીધે તે પર્યાય થતી નથી.

## (૧૧૩) નિષેધ કોનો? નિમિત્તનો કે નિમિત્તાધીન દૃષ્ટિનો?

શ્રોતા :—આપ ક્રમબદ્ધપર્યાય હોવાનું કહો છો તેમાં નિમિત્તનો તો નિષેધ થઈ જાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ક્રમબદ્ધપર્યાય માનતાં નિમિત્તનો સર્વથા નિષેધ નથી થઈ જતો પણ નિમિત્તાધીન દૃષ્ટિનો નિષેધ થઈ જાય છે. પર્યાયમાં અમુક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભલે હો પણ અહીં જ્ઞાયકદૃષ્ટિમાં તેની વાત નથી. ક્રમબદ્ધપર્યાય માનતાં નિમિત્ત હોવાનો સર્વથા નિષેધ પણ નથી થતો, તેમજ નિમિત્તને લીધે કાંઈ થાય—એ વાત પણ રહેતી નથી. નિમિત્ત પદાર્થ તેના ક્રમબદ્ધ સ્વકાળે તેનામાં ઊપજે છે ને નૈમિત્તિકપદાર્થ પણ પોતાના સ્વકાળે પોતામાં ઊપજે છે, આમ બન્નેનું ભિન્નાભિન્ન પોતપોતામાં પરિણમન થઈ જ રહ્યું છે. "ઉપાદાનમાં પર્યાય થવાની યોગ્યતા તો છે પણ જો નિમિત્ત આવે તો થાય ને ન આવે તો ન થાય"—એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. પર્યાય થવાની યોગ્યતા હોય ને ન થાય એમ બને જ નહિ. તેમજ અહીં ક્રમબદ્ધપર્યાય થવાનો કાળ હોય ને તે વખતે તેને યોગ્ય નિમિત્ત ન હોય—એમ પણ બને જ નહિ. જોકે નિમિત્ત તે પરદ્રવ્ય છે, તે કાંઈ ઉપાદાનને આધીન નથી. પરંતુ તે પરદ્રવ્ય તેના પોતાને માટે તો ઉપાદાન છે ને તેનું પણ ક્રમબદ્ધ પરિણમન થઈ રહ્યું છે. અહીં આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવસન્મુખ ક્રમબદ્ધપરિણમનથી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની ભાવલિંગી મુનિદશા પ્રગટે, ત્યાં નિમિત્તમાં દ્રવ્યલિંગ તરીકે શરીરની દિગંબરદશા જ હોય—એવો તેનો ક્રમ છે. કોઈ મુનિરાજ ધ્યાનમાં બેઠા હોય ને કોઈ અજ્ઞાની આવીને તેમના ઉપર વસ્ત્ર નાંખી જાય તો તે કાંઈ પરિગ્રહ નથી, તે તો ઉપસર્ગ છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કુદેવાદિને માને એવું ક્રમબદ્ધપર્યાયમાં હોય નહિ, તેમજ મુનિદશા થાય ત્યાં વસ્ત્ર-પાત્ર રાખે એવું ક્રમબદ્ધપર્યાયમાં હોય નહિ એ પ્રમાણે બધી ભૂમિકાને યોગ્ય સમજી લેવું.

## (૧૧૪) યોગ્યતા અને નિમિત્ત (બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે.)

'ઈષ્ટોપદેશ'માં (ગા. ૩૫મા) કહ્યું છે કે કોઈપણ કાર્ય થવામાં વાસ્તવિકપણે તેની પોતની યોગ્યતાથી જ સાક્ષાત્ સાધક છે એટલે કે દરેક વસ્તુની પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે, ત્યાં બીજી ચીજ ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છો. જેમ પોતાની યોગ્યતાથી સ્વયં ગતિ કરનારા પદાર્થોને ધર્માસ્તિકાય તો પડ્યું પાથર્યું નિમિત્ત છે, તે કાંઈ કોઈને ગતિ કરાવતું નથી; તેમ દરેક વસ્તુમાં પોતાની ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાથી જ કાર્ય થાય છે, તેમાં જગતની બીજી ચીજ તો ફક્ત ધર્માસ્તિકાયવત્ છે. જુઓ, આ ઈષ્ટ–ઉપદેશ. આવો સ્વાધીનતાનો ઉપદેશ તે જ ઈષ્ટ છે, હિતકારી છે, યથાર્થ છે. આનાથી વિપરીત માન્યતાનો ઉપદેશ હોય તો તે ઈષ્ટ-ઉપદેશ નથી પણ અનીષ્ટ છે. જૈનદર્શનનો ઉપદેશ કહો....આત્માના હિતનો ઉપદેશ કહો...ઈષ્ટ ઉપદેશ કહો...વાજબી ઉપદેશ કહો...સત્યનો ઉપદેશ કહો...અનેકાન્તનો ઉપદેશ કહો કે સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ કહો....તે આ છે કે જીવ ને અજીવ દરેક વસ્તુમાં પોતપોતાની ક્રમબદ્ધ યોગ્યતાથી જ કાર્ય થાય છે, પરથી તેમાં કાંઈ પણ થતું નથી. વસ્તુ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે પોતાની યોગ્યતાથી જ સ્વયં પરિણમી જાય છે, બીજી ચીજ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે. અહીં ધર્માસ્તિકાયનો દાખલો આપીને પૂજ્યપાદસ્વામીએ નિમિત્તનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ કરી દીધું છે.

ધર્માસ્તિકાય તો આખા લોકમાં સદાય એમ ને એમ સ્થિત છે; જે જીવ કે પુદ્ગલો સ્વયં પોતાની યોગ્યતાથી જ ગતિ કરે છે તેમને તે નિમિત્તમાત્ર છે. ગતિરૂપે 'સ્વયં પરિણમતાને' જ નિમિત્ત છે, સ્વયં નહિ પરિણમતાને તે પરિણમાવતું નથી, તેમજ નિમિત્ત પણ થતું નથી.

"યોગ્યતા વખતે નિમિત્ત ન હોય તો?—એમ શંકા કરનાર ખરેખર યોગ્યતાને કે નિમિત્તના સ્વરૂપને જાણતો નથી. જેમ કોઈ પૂછે કે જીવ-પુદ્ગલમાં ગતિ કરવાની યોગ્યતા તો છે પણ ધર્માસ્તિકાય ન હોય તો?"—તો એમ પૂછનાર ખરેખર જીવ-પુદ્ગલની યોગ્યતાને કે ધર્માસ્તિકાયને જાણતો નથી. કેમકે ગતિ વખતે સદાય ધર્માસ્તિકાય નિમિત્તપણે હોય જ છે, જગતમાં ધર્માસ્તિકાય ન હોય એમ કદી બનતું નથી.

'યોગ્યતા વખતે નિમિત્ત ન હોય તો?'

'ગતિની યોગ્યતા વખતે ધર્માસ્તિકાય ન હોય તો?'

'પાણી ઊનું થવાની યોગ્યતા વખતે અગ્નિ ન હોય તો?'

'માટીમાં ઘડો થવાની યોગ્યતા વખતે કુંભાર ન હોય તો?'

'જીવમાં મોક્ષ થવાની યોગ્યતા હોય પણ વજ્રનારાચસંહનન ન હોય તો?'

—એ બધા પ્રશ્નો એક જ જાતના—નિમિત્તાધીન દૃષ્ટિવાળાના—છે. એ જ પ્રમાણે ગુરુ-શિષ્ય, ક્ષાયક સમ્યક્ત્વ અને કેવળી–શ્રુતકેવળી વગેરે બધામાં સમજી લેવું. જગતમાં જીવ કે અજીવ દરેક દ્રવ્ય પોતપોતાના નિયમિત સ્વકાળની યોગ્યતાથી જ પરિણમે છે, તે વખતે બીજી ચીજ નિમિત્તપણે હોય તે 'गतेः 'धर्मास्तिकायवत्' છે. કોઈ પણ કાર્ય થવામાં વસ્તુની યોગ્યતા જ નિશ્ચય કારણ છે, બીજું કારણ કહેવું તે 'ગતિમાં ધર્માસ્તિકાયવત્' ઉપચારમાત્ર છે એટલે કે ખરેખર તે કારણ નથી. પોતાની ક્રમબદ્ધપર્યાયપણે વસ્તુ પોતે જ ઊપજે છે–એ નિયમ સમજે તો નિમિત્તાધીન દૃષ્ટિના બધા ગોટા નીકળી જાય. વસ્તુ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે. એક સમયમાં પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે, તે જ સમયે પૂર્વ પર્યાયથી વ્યય પામે ને તે જ સમયે સળંગતાપણે ધ્રુવ ટકી રહે—એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ વસ્તુ પોતે વર્તે છે, એક વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વચ્ચે કોઈ બીજું દ્રવ્ય ઘૂસી જાય—એમ બનતું નથી.

જેમ, ખરેખર મોક્ષમાર્ગ તો એક જ છે પણ તેનું નિરૂપણ બે પ્રકારથી છે; નિશ્ચયરત્નત્રયને મોક્ષમાર્ગ કહેવો તે તો ખરેખર મોક્ષમાર્ગ છે અને વ્યવહારરત્નત્રયના રાગને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ ઉપચારમાત્ર છે;

તેમ, કાર્યનું કારણ ખરેખર એક જ છે. વસ્તુની યોગ્યતા તે જ ખરું કારણ છે, અને નિમિત્તને બીજું કારણ કહેવું તે ખરું કારણ નથી પણ ઉપચારમાત્ર છે.

એ જ પ્રમાણે, કાર્યનો કર્તા પણ એક જ છે, બે કર્તા નથી. બીજાને કર્તા કહેવો તે ઉપચારમાત્ર છે.

**(૧૧૫) દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન જાણ્યા વિના ભેદજ્ઞાન થાય નહિ.**

અહીં કહે છે કે દ્રવ્ય ઊપજતું થકું પોતાના પરિણામથી અનન્ય છે એટલે તે પરિણામના કર્તા બે ન હોય. એક દ્રવ્યના પરિણામમાં બીજું દ્રવ્ય તન્મય ન થાય, માટે બે કર્તા ન હોય; તેમ જ એક દ્રવ્ય બે પરિણામમાં (પોતાના ને પરના બંનેના પરિણામમાં) તન્મય ન થાય, માટે એક દ્રવ્ય બે પરિણામને ન કરે. નાટક-સમયસારમાં પંડિત બનારસીદાસજી કહે છે કે—

करता परिनामी दरव, करमरूप परिनाम।
किरिया परजयकी फिरनी, वस्तु एक त्रय नाम।।७।।

અર્થાત્ અવસ્થારૂપે જે દ્રવ્ય પરિણમે છે તે કર્તા છે; જે પરિણામ થાય છે તે તેનું કર્મ છે અને અવસ્થાથી અવસ્થાંતર થવું તે ક્રિયા છે. આ કર્તા, કર્મ અને ક્રિયા વસ્તુપણે ભિન્ન નથી એટલે કે તે ભિન્ન-ભિન્ન વસ્તુમાં રહેતા નથી. વળી—

एक परिनाम के न करता दरव दोइ, दोइ परिनाम एक दर्व न धरतु है।
एक करतूति दोइ दर्व कबहूं न करैं, दोइ करतूति एक दर्व न करतु है॥
जीव पुद्गल एक खेत–अवगाही दोउ, अपने रूप कोउ न टरतु है।
जड परनामनिकौ करता है पुद्गल, चिदानंद चेतन सुभाउ आचरतु है॥१०॥

અર્થાત્ એક પરિણામના કર્તા બે દ્રવ્ય ન હોય; એક દ્રવ્ય બે પરિણામને ન કરે. એક ક્રિયા બે દ્રવ્ય કદી ન કરે, તેમ જ એક દ્રવ્ય બે ક્રિયાને ન કરે.

જીવ અને પુદ્ગલ જોકે એક ક્ષેત્રે રહેલાં છે તોપણ પોતપોતાના સ્વભાવને કોઈ છોડતા નથી. પુદ્ગલ તો તેના જડ પરિણામોનું કર્તા છે અને ચિદાનંદ આત્મા પોતાના ચેતન સ્વભાવને આચરે છે—કરે છે.

—આ પ્રમાણે દરેક દ્રવ્યના ભિન્ન ભિન્ન સ્વતંત્ર પરિણમનને જ્યાં સુધી જીવ ન જાણે ત્યાં સુધી પરથી ભેદજ્ઞાન થાય નહિ ને સ્વભાવમાં એકતા પ્રગટે નહિ એટલે સમ્યગ્દર્શનાદિ કાંઈ થાય નહિ.

**(૧૧૬) પર્યાયમાં જે તન્મય હોય તે જ તેનો કર્તા.**

ક્રમબદ્ધપરિણામે પરિણમતું દ્રવ્ય પોતાની પર્યાય સાથે એકમેક છે એ સિદ્ધાંત સમજાવવા આચાર્યદેવ અહીં સોનાનું દૃષ્ટાંત આપે છે. જેમ સોનામાં કુંડળ વગેરે જે અવસ્થા થઈ તેની સામે તે સોનું એકમેક છે, જુદું નથી; સોનાની અવસ્થા[illegible] સોની જુદો છે પણ સોનું જુદું નથી. તેમ જગતના જીવ કે અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની જે અવસ્થા થાય છે તેની સાથે એકમેક છે, બીજા સાથે એકમેક નથી, માટે તે બીજાના અકર્તા છે. જે પર્યાય થઈ, તે પર્યાયમાં જે તન્મય હોય તે જ તેનો કર્તા હોય પણ તેનાથી જે જુદો હોય તે તેનો કર્તા ન હોય—એ નિયમ છે. જેમ કે—

ઘડો થયો, ત્યાં તે ઘડારૂપ અવસ્થા સાથે માટીના પરમાણુઓ એકમેક છે પણ કુંભાર તેની સથે એકમેક નથી, માટે કુંભાર તેનો અકર્તા છે.

વસ્ત્ર થયું, ત્યાં તે વસ્ત્રરૂપ પર્યાય સાથે તાણા-વાણાના પરમાણુઓ એકમેક છે પણ વણકર તેની સાથે એકમેક નથી, માટે તે તેનો અકર્તા છે.

કબાટ થયો, ત્યાં તે કબાટની અવસ્થા સાથે લાકડાના પરમાણુઓ એકમેક છે પણ સુતાર તેની સાથે એકમેક નથી, માટે તે તેનો અકર્તા છે.

રોટલી થઈ, ત્યાં રોટલીની અવસ્થા સાથે લોટના પરમાણુઓ એકમેક છે પણ બાઈ (રસોઈ કરનાર) તેની સાથે એકમેક નથી, માટે બાઈ રોટલીની અકર્તા છે.

સમ્યગ્દર્શન થયું, ત્યાં તે પર્યાય સાથે આત્મા પોતે એકમેક છે તેથી આત્મા તેનો કર્તા છે, પણ અજીવ તેમાં એકમેક નથી માટે તે અકર્તા છે. એ પ્રમાણે સમ્યગ્જ્ઞાન, સુખ, આનંદ, સિદ્ધદશા વગેરે બધી આવસ્થાઓમાં સમજી લેવું. તે તે અવસ્થાપણે ઊપજતો થકો જીવ જ તેમાં તદ્રૂપ થઈને તેનો કર્તા છે ને અજીવ નથી એટલે અજીવ સાથે તેને કાર્ય-કારકપણું નથી.

## (૧૧૭) જ્ઞાતા રાગનો અકર્તા

અહીં તો આચાર્યદેવ એ સિદ્ધાંત સમજાવે છે કે જ્ઞાયકસ્વભાવ-સન્મુખ થઈને જે જીવ જ્ઞાતાપરિણામપણે ઊપજ્યો તે જીવ રાગનો પણ અકર્તા છે; પોતાના જ્ઞાતાપરિણામમાં તન્મય હોવાથી તેનો કર્તા છે ને રાગનો અકર્તા છે, કેમકે રાગમાં તન્મય નથી. જ્ઞાયકભાવમાં જે તન્મય થયો તે રાગમાં તન્મય થતો નથી, માટે તે રાગનો અકર્તા જ છે.

—આવો જ્ઞાતાસ્વભાવને જાણવો તે નિશ્ચય છે. સ્વસન્મુખ થઈને આવું નિશ્ચયનું જ્ઞાન કરે તો, કઈ પર્યાયમાં કેવો રાગ હોય ને ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવા પ્રકારનો હોય,—તે બધા વ્યવહારનો પણ યથાર્થ વિવેક થઈ જાય.

## (૧૧૮) નિશ્ચય-વ્યવહારનો જરૂરી ખુલાસો

ઘણા લોકો કહે છે કે આ તો નિશ્ચયની વાત છે પણ વ્યવહારે તો જીવ જડકર્મનો કર્તા છે! તો આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર નથી ને કર્મ ઉપર છે એવા અજ્ઞાનીને જ કર્મના કર્તાપણાનો વ્યવહાર લાગુ પડે છે, જ્ઞાયકદૃષ્ટિવાળા જ્ઞાનીને તેવો વ્યવહાર લાગુ પડતો નથી. જ્ઞાયકસ્વભાવી જીવ મિથ્યાત્વાદિ કર્મનો અકર્તા હોવા છતાં તેને કર્મનો કર્તા કહેવો તે વ્યવહાર છે અને તે વ્યવહાર અજ્ઞાનીને જ લાગુ પડે છે. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિવાળો જ્ઞાની તો અકર્તા જ છે.

સોનાની જે અવસ્થા થઈ તેનો સોની અકર્તા છે, છતાં તેને નિમિત્તકર્તા કહેવો તે વ્યવહાર છે. જે કર્તા છે તેને કર્તા જાણવો તે નિશ્ચય અને અકર્તાને કર્તા કહેવો તે વ્યવહાર છે. જીવ પોતાની ક્રમબદ્ધ અવસ્થાપણે ઊપજતો થકો જીવ જ છે અને અજીવ પોતાની

ક્રમબદ્ધ અવસ્થાપણે ઊપજતું થકું અજીવ જ છે. જીવ તે અજીવની અવસ્થાનો અકર્તા છે ને અજીવ તે જીવની અવસ્થાનું અકર્તા છે. આ રીતે જેમ જીવ અજીવને પરસ્પર કર્તાપણું પણ નથી તેમ તેમને પરસ્પર કર્મપણું, કરણપણું, સંપ્રદાનપણું, અપાદાનપણું કે અધિકરણપણું પણ નથી, માત્ર નિમિત્તપણાથી તેમને એકબીજાના કર્તા, કર્મ, કરણ વગેરે કહેવા તે વ્યવહાર છે. નિમિત્તથી કર્તા એટલે ખરેખર અકર્તા અને અકર્તાને કર્તા કહેવો તે વ્યવહાર. નિશ્ચયથી અકર્તા થયો ત્યારે વ્યવહારનું જ્ઞાન સાચું થયું. જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જે જ્ઞાતા થયો તે રાગને રાગ તરીકે જાણે છે પણ તે રાગમાં જ્ઞાનની એકતા નથી કરતો, માટે તે જ્ઞાતા તો રાગનો પણ અકર્તા છે.

**(૧૧૯) ક્રમબદ્ધપર્યાયનું મૂળિયું.**

જુઓ, આ ક્રમબદ્ધપર્યાયમાં ખરેખર તો જ્ઞાનસ્વભાવી આત્માની વાત છે; કેમ કે ક્રમબદ્ધપર્યાયનો જાણનાર કોણ? 'જ્ઞાયક'ને જાણ્યા વગર ક્રમબદ્ધપર્યાયને જાણશે કોણ? જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જ્ઞાયકભાવપણે જે પરિણમ્યો તે જ્ઞાયક થયો એટલે અકર્તા થયો ને તે જ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો. 'જ્ઞાયક' કહો કે 'અકર્તા' કહો;-જ્ઞાયક પરનો અકર્તા છે. જ્ઞાયક સ્વભાવ તરફ વળીને આવું ભેદજ્ઞાન કરે, પછી સાધકદશામાં ભૂમિકા પ્રમાણે જે વ્યવહાર રહ્યો તેને જ્ઞાની જાણે છે એટલે 'વ્યવહારનય તે કાળે જાણેલો પ્રયોજનવાન છે' એ વાત તેને લાગુ પડે છે. મિથ્યાદૃષ્ટિ તો જ્ઞાયકને પણ નથી જાણતો અને વ્યવહારનું પણ તેને સાચું જ્ઞાન નથી.

દ્રવ્ય પોતાની જ ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે તે પર્યાય જ તેનું કાર્ય છે, બીજું તેનું કાર્ય નથી. આ રીતે, એક કર્તાના બે કાર્ય હોતા નથી, તેથી જીવ અજીવને પરસ્પર કાર્યકારણપણું નથી. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવો, એક પરમાણુથી માંડીને અચેતન મહાસ્કંધ, તેમજ બીજા ચાર અજીવ દ્રવ્યો, તે સર્વેને પોતપોતાના તે કાળના ક્રમબદ્ધ ઊપજતા પરિણામ સાથે તદ્રૂપપણું છે. પર્યાયો અનાદિ-અનંત ક્રમબદ્ધ હોવા છતાં તેમાં વર્તમાનપણે તો એક પર્યાય જ વર્તે છે અને તે તે સમયે વર્તતી પર્યાયમાં દ્રવ્ય તદ્રૂપપણે વર્તી રહ્યું છે. વસ્તુ તો જ્યારે જુઓ ત્યારે વર્તમાન છે, જ્યારે જુઓ ત્યારે વર્તમાન તે સમયની પર્યાય સત્‌ છે અને વર્તમાન પહેલાં થઈ ગયેલી પર્યાયો ભૂતકાળમાં છે ને પછી થનારી પર્યાયો ભવિષ્યમાં છે; વર્તમાન પર્યાય એક સમય પણ આઘીપાછી થઈને ભૂત કે ભવિષ્યની પર્યાયરૂપ થઈ જતી નથી; તેમજ ભવિષ્યની પર્યાય ભૂતકાળની પર્યાયરૂપ થતી નથી કે ભૂતકાળની પર્યાય ભવિષ્યની પર્યાયરૂપ થઈ જતી નથી. અનાદિ-

અનંત પ્રવાહક્રમમાં દરેક પર્યાય પોતપોતાના સ્થાને જ પ્રકાશે છે, એ રીતે પર્યાયોનું ક્રમબદ્ધપપણું છે. આ વાત પ્રવચનસારની ગાથા-૯૯મા પ્રદેશોના વિસ્તારક્રમનું દૃષ્ટાંત આપીને અલૌકિક રીતે સમજાવી છે.

## (૧૨૦) ક્રમબદ્ધપર્યાયમાં શું શું આવ્યું?

શ્રોતા :—'ક્રમબદ્ધ' કહેતાં ભૂતકાળની પર્યાય ભવિષ્યરૂપ કે ભવિષ્યની પર્યાય ભૂતકાળરૂપ ન થાય—એ વાત તો બરાબર પણ આ સમયે આ પર્યાય આવી જ થશે- એ વાત આ ક્રમબદ્ધપર્યાયમાં ક્યાં આવી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ક્રમબદ્ધપર્યાયમાં જે સમયના જે પરિણામ છે તે સત્ છે અને તે પરિણામનું સ્વરૂપ કેવું હોય તે પણ તેમાં ભેગું જ આવી જાય છે. 'હું જ્ઞાયક છું,' તો મારા જ્ઞેયપણે સમસ્ત પદાર્થોના ત્રણે કાળના પરિણામ ક્રમબદ્ધ સત્ છે—એવો નિર્ણય તેમાં થઈ જાય છે. જો આમ ન માને તો તેણે પોતાના જ્ઞાયકસ્વભાવના પૂરા સામર્થ્યને જ નથી માન્યું. હું જ્ઞાયક છું ને પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાય થાય છે—એ વાત જેને નથી બેસતી તેને નિશ્ચય-વ્યવહારના કે નિમિત્ત-ઉપાદાન વગેરેના બધા ઝઘડા ઊભા થાય છે પણ જો આ નિર્ણય કરે તો બધા ઝઘડા ભાગી જાય ને ભૂલ ભાંગીને મુક્તિ થયા વિના રહે નહિ.

## (૧૨૧) જ્યાં રુચિ ત્યાં જોર.

"નિમિત્તથી ને વ્યવહારથી તો આત્મા કર્મનો કર્તા છે ને!"—એમ અજ્ઞાની જોર આપે છે; પણ ભાઈ! તારું જોર ઊંધું છે; તું કર્મ તરફ જોર આપે છે પણ "આત્મા અકર્તા છે-જ્ઞાન જ છે' એમ જ્ઞાયક ઉપર જોર કેમ નથી આપતો? જેને જ્ઞાયકની રુચિ નથી ને રાગની રુચિ છે તે જ કર્મના કર્તાપણા ઉપર જોર આપે છે.

ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય કરનાર કાળના પ્રવાહ સામે નથી જોતો પણ જ્ઞાયકસ્વભાવ સામે જુએ છે. કેમ કે વસ્તુની ક્રમબદ્ધપર્યાય કાંઈ કાળને લીધે થતી નથી. કાળદ્રવ્ય તો પરિણમનમાં બધાય દ્રવ્યોને એક સાથે નિમિત્ત છે, છતાં કોઈ પરમાણુ સ્કંધમાં જોડાય અને તે જ વખતે બીજો તેમાંથી છૂટો પડે, એક જીવ સમ્યગ્દર્શન પામે ને બીજો જીવ તે જ વખતે કેવળજ્ઞાન પામી જાય,—એ પ્રમાણે જીવ-અજીવ દ્રવ્યોમાં પોતપોતાની યોગ્યતા પ્રમાણે ભિન્ન-ભિન્ન અવસ્થારૂપે ક્રમબદ્ધ પરિણામ થાય છે. માટે પોતાના જ્ઞાનપરિણામનો પ્રવાહ જ્યાંથી વહે છે એવા જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને જ ક્રમબદ્ધપર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે.

(ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :–

ધ્રાંગધ્રાનિવાસી (હાલ–સોલાપુર) મીનાબેન મહેન્દ્રભાઈ શાહ તા. ૨૧-૪-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સોલાપુરના ધાર્મિક કાર્યક્રમોમાં તેમનું ઘણું યોગદાન રહેતું હતું.

વિંછીયાનિવાસી (હાલ–રાજકોટ) સ્વ. રતીલાલ પ્રેમચંદ શાહના પુત્રવધૂ ભારતીબેન ભરતભાઈ શાહ (–તે સ્વ. જેઠાભાઈ દોશી મોરબીવાળાની નાની દીકરી) (વર્ષ–૬૩) તા. ૧૧-૫-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. રાજકોટ પંચકલ્યાણકમાં તેઓ અત્યંત ઉત્સાહપૂર્વક લાભ લેતા હતા. નેમિકુંવરના જન્મકલ્યાણકનો બધો પ્રસંગ અત્યંત ઉત્સાહથી જોઈ લીધા બાદ સભામંડપમાં જ હાર્ટફેઈલ થઈ જતાં તુરત જ સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓને તત્ત્વરુચિ તથા જિજ્ઞાસા ઘણી હતી.

સોનગઢનિવાસી (હાલ-અમદાવાદ) કુલીનચંદ્ર મોતીલાલ શાહ (વર્ષ–૭૩) (–તે શ્રી બાબુભાઈ ઝવેરી, સોનગઢના ભાણેજ) તા. ૧૦-૫-૦૯ના રોજ ટૂંકી બિમારીમાં સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અભ્યાસકાળ સોનગઢમાં વીતાવ્યો હતો અને પાછલી ઉંમરમાં પણ સોનગઢ સ્થાયી વસવાટ કરીને ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વ-ઉપદેશનો લાભ લેતા હતા.

લંડનનિવાસી દિવ્યાબેન કમલભાઈ હંસરાજ શાહ (વર્ષ–૪૭) તા. ૧૫-૩-૦૯ના રોજ કાર એક્સીડન્ટથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**● પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાનવશ શોક કરે છે તેની પાસે ગુણની ગંધ પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણાં છે—એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે. ધર્મ, અર્થ કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે. બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ (અશાતાવેદનીય) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર-પરિભ્રમણ લાંબુ થઈ જાય છે. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ**

**● પૂર્વોપાર્જિત દુર્નિવાર કર્મના ઉદયવશે કોઈ ઈષ્ટ મનુષ્યનું મરણ થતાં જે અહીં શોક કરવામાં આવે છે તે અતિશય પાગલ મનુષ્યની ચેષ્ટા સમાન છે. કારણ કે તે શોક કરવાથી કાંઈ પણ સિદ્ધ થતું નથી પરંતુ તેનાથી કેવળ એ થાય છે કે તે મૂઢ બુદ્ધિવાળા મનુષ્યોના ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થ આદિ જ નષ્ટ થાય છે. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ**

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ , | : | પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસારનાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

**આર્દ્રા નક્ષત્ર** :—તા. ૨૨-૬-૨૦૦૯, સોમવારના રોજ વહેલી સવારે ૩-૫૨ વાગ્યે પ્રારંભ થાય છે

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા** :—અષાઢ સુદ ૮, સોમવાર તા. ૨૯-૬-૨૦૦૯ થી અષાઢ સુદ ૧૫, મંગલવાર તા. ૭-૭-૨૦૦૯—નવ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક મનાવવામાં આવશે.

નોંધ : સોનગઢથી પ્રકાશિત પંચાગમાં અષાઢી અષ્ટાહ્નિકાની તિથિ અંગે ક્ષતિ રહી ગઈ છે તો તે સુધારી ઉપરોક્ત મુજબ ઉજવવા વિનંતી છે

**મહાવીરશાસન જયંતી** :—અષાઢ વદ એકમ મહાવીર ભગવાનના દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે આ પર્વ તા. ૮-૭-૨૦૦૯ બુધવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૫મી જન્મજયંતી (તા. ૩-૮-૨૦૦૯ થી તા. ૭-૮-૨૦૦૯)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૨૬-૭-૨૦૦૯, રવિવારથી તા. ૧૪-૮-૨૦૦૯, શુક્રવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

## મુંબઈના ઉપનગર પાર્લા-સાંતાક્રુઝના શ્રી સીમંધરસ્વામી જિનાલયમાં

## શ્રી બાહુબલી મુનીન્દ્રની વેદી પ્રતિષ્ઠાનો મહોત્સવ ઉલ્લાસપૂર્વક સંપન્ન

મહારાષ્ટ્ર પ્રાંતની મુંબઈ નગરીના ઉપનગર પાર્લાના શ્રી સીમંધરસ્વામી જિનાલયમાં તા. ૧૫-૫-૨૦૦૯ થી ૧૭-૫-૨૦૦૯ સુધી શ્રી બાહુબલી મુનીન્દ્ર (જિનબિંબ)નો ત્રિદિવસીય વેદીપ્રતિષ્ઠા મહોત્સવ સહસ્રાધિક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવાયો

શાંતિજાપથી મંગલવિધિનો પ્રારંભ થયો. વિવિધ પ્રકારના સુશોભનથી તથા જ્ઞાની ધર્માત્માઓના વચનામૃતોના બેનરથી સજાવાયેલ સુંદર મંડપમાં ધાતકીવિદેહના ભાવી તીર્થંકરની વિધિઅધ્યક્ષરૂપે તથા પ્રતિષ્ઠેય શ્રી બાહુબલી મુનીન્દ્રની સ્થાપના કરી નાંદીવિધાન કળશ તથા અખંડદીપ પ્રદીપન બાદ મંગલ ધર્મધ્વજારોહણ કરવામાં આવ્યું. ત્યારબાદ અત્યંત આનંદોલ્લાસપૂર્વક શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા ઈન્દ્રપ્રતિષ્ઠા કરવામાં આવી. બીજા દિવસે શ્રી યાગમંડલવિધાન મહાપૂજા તથા વેદી શુદ્ધિનો ભાવવાહી કાર્યક્રમ યોજાયો. ત્રીજા દિવસે શ્રી બાહુબલી મુનિન્દ્રના જિનબિંબની સ્થાપના અત્યંત ભક્તિમય વાતાવરણમાં થઈ. ત્યારબાદ શાંતિયજ્ઞ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

પ્રતિષ્ઠા મહોત્સવના દરેક કાર્યક્રમમાં તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલકારી સીડી પ્રવચનોમાં મુમુક્ષુઓએ અત્યંત ઉલ્લાસપૂર્વક મોટી સંખ્યામાં લાભ લીધો. રાત્રે ઈન્દ્રસભા તથા પાર્લાના બાળકો અને બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમો બધાને રોચક લાગ્યા હતા. દરેક મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના ભક્તિમય કાર્યક્રમોથી અત્યંત પ્રસન્ન તેમજ ભાવવિભોર થઈ ગયા હતા.

પ્રતિષ્ઠાના બધાં જ મંગલ વિધિ-વિધાન પ્રતિષ્ઠાચાર્ય બા. બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) દ્વારા શુદ્ધામ્નાયપૂર્વક કરાવવામાં આવ્યાં. તે કાર્યમાં શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) તથા શ્રી પ્રકાશભાઈ જૈને (મલાડ) સહયોગ આપ્યો હતો.

શ્રી બાહુબલી ભગવાનની વેદીના શિલાન્યાસનો લાભ સૌરલ રમેશભાઈ શાહ તથા ભાવિન મહેન્દ્રભાઈ ડગલી પરિવારને પ્રાપ્ત થયો હતો તથા શ્રી બાહુબલી ભગવાનને વેદી પર પ્રતિષ્ઠિત કરવાનું સૌભાગ્ય શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા પરિવાર હ. નિરંજનભાઈ તથા નવિનભાઈને પ્રાપ્ત થયું હતું. મહેમાનો માટે ભોજનની સુંદર વ્યવસ્થા પાર્લા(સાંતાક્રૂઝ) મંડળના સદસ્યો દવારા કરવામાં આવી હતી.

હું રંક છું, હું પંચેન્દ્રિય છું, હું રાગનો કરનાર છું એમ જોવું રહેવા દે. ભગવાન! એ તારું સ્વરૂપ નથી. એકેન્દ્રિય નિગોદના જીવને બહુ ઓછું જ્ઞાન છે અને ભગવાનને પૂર્ણજ્ઞાન છે એમ પર્યાયથી ન જો. બધા પૂર્ણ અભેદ અખંડાનંદ શક્તિના પૂંજ પરમાત્મપણે બિરાજે છે એમ જો.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ દ્વારા

**અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી**

**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની**

# ૯૬મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓની ૯૬મી જન્મજયંતી આ વર્ષે અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૬મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૩-૮-૨૦૦૯, સોમવાર થી તા. ૭-૮-૨૦૦૯, શુક્રવાર—પાંચ દિવસ સુધી શ્રી જંબૂદ્વીપસ્ય ત્રિકાલસ્થ જિનેન્દ્ર પૂજન વિધાન, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૨૬-૭-૨૦૦૯થી તા. ૧૪-૮-૨૦૦૯—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧૨-૭-૨૦૦૯ રવિવારે તથા મુંબઈમાં તા. ૧૯-૭-૨૦૦૯ રવિવારે રાખેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જે શ્રમણ ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીપકના પ્રકાશ વડે, યથાસ્થિત પદાર્થના નિશ્ચય વડે, ઉત્સુકતા ટાળીને સ્વરૂપમાં જામી ગયા છે, આનંદની ધારામાં મસ્ત થઈ ગયા છે, ઉપશમરસના ઢાળામાં ઢળી ગયા છે ને તેમાંથી બહાર આવવા આળસુ થઈ ગયા છે, વનમાં વાઘ, સિંહ ને વરું ત્રાડું નાખતાં હોય છતાં નિર્ભય થઈને સ્વરૂપના શાંતરસને—અતીન્દ્રિય આનંદને ચૂસે છે, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વર્તે છે તે શ્રમણને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહે છે. હજી છે તો સાધકદશા, છતાં સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વર્તતા શ્રમણને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહે છે. આહાહા! પંચમ-આરાના સાધુને મોક્ષતત્ત્વ કહ્યું! પંચમ-આરામાં મુક્તિ નથી ને? અરે! પંચમ-આરાના સંત મુનિ પંચમ-આરાના શ્રોતાને આ કહે છે. સ્વરૂપમાં વર્તતા સંતને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહ્યું છે કેમ કે અલ્પકાળમાં મોક્ષ થવાનો છે માટે એ અલ્પકાળને ગૌણ કરીને સાક્ષાત્ મોક્ષ છે તેમ કહે છે. ૪૮૪.

● અહો! જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય કેટલું છે! સામર્થ્ય કેવું છે! એનું જગતને ભાન નથી. આકાશના અનંતા પ્રદેશો છે તેમાં અહીંથી (કોઈ જગ્યાએથી) તેની ગણતરી કરતાં આકાશનો છેલ્લો પ્રદેશ ક્યો? તેનો અંત છે જ નહિ. કાળના અનંત સમયો છે તેમાં વર્તમાન સમયથી ગણતાં કાળનો છેલ્લો સમય કયો? તેનો અંત છે જ નહિ. તેમ દ્રવ્યો અનંતા છે તેની ગણતરી કરતાં છેલ્લું દ્રવ્ય કયુ? તેનો અંત છે જ નહિ. તેમ એક જીવદ્રવ્યના જ્ઞાન-દર્શન આદિ ગુણ આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણા છે, તેમાં છેલ્લો ગુણ કયો? તેનો અંત છે જ નહિ. આહાહા! ગજબ વાત છે, જ્ઞાનનો પર્યાય જ્ઞેયપ્રમાણ છે ને જ્ઞેય લોકાલોક છે, જેનો પાર નથી એવા અપાર અનંતાનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ્ઞેય બનાવનારી એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું? તાકાત કેટલી? એ એક સમયની પર્યાયમાં અનંતાનંત જ્ઞેય-પ્રમાણ જ્ઞાનની પર્યાયના અવિભાગપ્રતિછેદ કેટલા? એનો છેલ્લો પ્રતિછેદ કયો? આહાહા! ગજબ વાત છે. સિદ્ધ થાય તેની આદિ ગણાય પણ અંત નથી. સિદ્ધ થયા તેના ભવનો અંત—છેડો તો આવી ગયો પણ તેનો પહેલો ભવ કયો? અનાદિ છે, તેની શરૂઆત છે જ કયાં? અંત વિનાના દ્રવ્યો છે તેનો અંત આવે કેમ? અંત વિનાનું ક્ષેત્ર છે તેનો અંત આવે કેમ? અંત વિનાનો કાળ છે તેનો અંત આવે કેમ? અંત વિનાના ભાવ છે તેનો અંત આવે કેમ? આહાહા! આટલા આટલા અનંતા જ્ઞેયો છે એને જાણનાર જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. આવા અનંત પદાર્થોને શ્રુતજ્ઞાનમાં જ્ઞેય બનાવ્યા એની પર્યાયમાં વિષયોનો રસ રહી શકે નહિ. રાગ રહે પણ રાગનો રસ રહી શકે નહિ. આહાહા! આત્મવસ્તુ જ કોઈ એવી અદ્‌ભુત ચમત્કારિક છે કે એનું શું કહેવું ભાઈ! ૪૮૫.

આત્મધર્મ
જૂન-૨૦૦૯
અંક-૧૦ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## વસ્તુની દૃષ્ટિ કરાવી છે તેથી રાગ પુદ્ગલના પરિણામ છે

શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે કેમ કે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે, વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવી છે તેથી રાગ જડમાં છે, પુદ્ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગથી ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org